# TET-1 2018

| | |
|---|---|
| 1 | "તંદુરસ્ત શરીરમાં મનનું ઘડતર કરે તે કેળવણી." આ વિધાન નીચેનામાંથી કોનું છે -?<br>(A) રુસો (B) પેસ્ટોલોજી (C) એરિસ્ટોટલ (D) ફ્રોબેલ |
| 2 | 'બાળક ઘરનું હુંફાળું વાતાવરણ છોડી શાળાએ આવે છે ત્યારે અસહાયપણું અનુભવે છે.' આ વિધાનના સંદર્ભમાં એક શિક્ષક તરીકે તમે શું કરશો ?<br>(A) બાળક સાથે પ્રેમપૂર્વક અને લાગણીથી કામ પાર પાડીશ.<br>(B) બાળકને તેના હાલ પર છોડી દઇશ.<br>(C) બાળકના માતા-પિતાને જાણ કરીશ.<br>(D) બાળકને તેના મિત્રો સાચવી લેશે તેમ વિચારીશ. |
| 3 | નૂતન કેળવણીના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?<br>(A) પેસ્ટોલોજી (C) ગીજુભાઇ બધેકા<br>(B) તારાબેન મોડક (D) રુસો |
| 4 | શૈક્ષણિક અનુભવોનું સંગઠન એટલે....<br>(A) પાઠ્યક્રમ (C) અધ્યયન નિષ્પત્તિક્રમ<br>(B) અભ્યાસક્રમ (D) ઉપરનાં પૈકી એકપણ નહિ |
| 5 | કેળવણીનાં ધ્યેયો પૈકી નીચેનામાંથી કયા ધ્યેયનો સમાવેશ વ્યક્તિગત ધ્યેયો અંતર્ગત થતો નથી?<br>(A) જ્ઞાનપ્રાપ્તિ (C) ચારિત્ર્ય ઘડતર<br>(B) ઉત્પાદક કાર્યમાં કૌશલ્ય (D) સર્વાંગી વિકાસ |
| 6 | નીચેનામાંથી કયું પરિબળ બાળકના સર્વાંગી વિકાસને અસર કરતું નથી ?<br>(A) વારસો (B) પરિપક્વતા (C) ઉત્પ્રેરણા (D) આબોહવા |
| 7 | નીચેનામાંથી કઇ કસોટી શાબ્દિક સમૂહ કસોટી નથી ?<br>(A) કહેવતોના અર્થ આપવા (C) તર્કયુક્ત પ્રશ્નોના ઉત્તર આપવા<br>(B) સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દો આપવા (D) ક્રમશ્રેણી પૂર્ણ કરવી |
| 8 | ક્રિકેટર થવાના સ્વપ્ન સેવતી વ્યક્તિ બીજા સારા ક્રિકેટરની રમત જોઇ અન્યની સફળતાને પોતાની મહેનતનું સારું પરિણામ મેળવ્યું હોય તેવા ઉત્સાહ સાથે બડાઇ હાંકે છે. - આ કઇ બચાવ પ્રયુક્તિનું ઉદાહરણ છે ?<br>(A) ક્ષતિપૂર્તિ (B) પ્રક્ષેપણ (C) ઊર્ધ્વીકરણ (D) તાદાત્મ્ય |
| 9 | નિબંધલક્ષી પ્રશ્નના સંદર્ભમાં નીચેના પૈકી કયું સાચું નથી ?<br>(A) અધ્યેતાઓની સર્જનશીલતા ચકાસી શકાય છે.<br>(B) અધ્યેતાઓની મૌલિકતા વિકસે છે.<br>(C) વિચારોની ક્રમબદ્ધતા ચકાસી શકાય છે.<br>(D) ભાષાના પ્રવાહિતા કૌશલ્યની ચકાસણી થઇ શકતી નથી. |

| | |
|---|---|
| 10 | શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત પત્રક-E એટલે...<br>(A) રચનાત્મક મૂલ્યાંકન પત્રક<br>(B) સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિપત્રક<br>(C) શાળાંત પ્રમાણપત્ર<br>(D) વ્યક્તિત્વ વિકાસપત્રક |
| 11 | સામાજિક અધ્યયનનો સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો છે ?<br>(A) વોલ્ટર એસ. હન્ટર (C) આલ્બર્ટ બાન્ડુરા<br>(B) બી. એફ. સ્કિનર (D) ઉપરનાં પૈકી એકપણ નહિ |
| 12 | પ્રત્યાયનના ઘટકો પૈકી પ્રથમ ઘટક કયો છે ?<br>(A) સંદેશો (B) પ્રેષક (C) પ્રતિપોષણ (D) સંકેતીકરણ |
| 13 | મનુષ્ય પ્રકૃતિના સંદર્ભમાં મેગડુગલે કેટલી કેટલી સહજવૃત્તિઓ દર્શાવી છે ?<br>(A) 18 (B) 20 (C) 28 (D) 15 |
| 14 | નીચે આપેલ લાક્ષણિક્તાઓ પૈકી કઇ લાક્ષણિકતા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 1986ની નથી ?<br>(A) 10 + 2 + 3 નું શિક્ષણ માળખું.<br>(B) રાષ્ટ્ર વ્યાપી એકસરખું મૂલ્યાંકન માળખુ<br>(C) સમાન ગુણવત્તાવાળું શિક્ષણ<br>(D) રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું |
| 15 | માઇક્રો ટીચિંગની સૌ પ્રથમ વ્યાખ્યા ઇ 1968 .સ.માં કોણે આપી હતી ?<br>(A) ડવાઇટ એલન (B) ડો. કુલકર્ણી (C) એલન અને ઇવ (D) બુશ |
| 16 | "દરેક બાળકોનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. શિક્ષકે બાળકોના 'સ્વ' ને, સ્વતંત્ર વ્યક્તિત્વને પિછાણીને શિક્ષણનું આયોજન કરવું જોઇએ." – આ શિક્ષણ દર્શન કોનું છે ?<br>(A) રવિન્દ્રનાથ ટાગોર (C) એરિસ્ટોટલ<br>(B) ગાંધીજી (D) ગિજુભાઇ બધેકા |
| 17 | અબ્રાહમ મેસ્લોના જરૂરિયાતના શ્રેણીક્રમમાં ચોથા ક્રમે કઇ જરૂરિયાત આવે છે ?<br>(A) સલામતીની જરૂરિયાત (C) આત્મગૌરવની જરૂરિયાત<br>(B) શારીરિક જરૂરિયાત (D) સ્વ-આવિષ્કરણની જરૂરિયાત |
| 18 | સમાવેશી શિક્ષણ (Inclusive Education) એટલે....<br>(A) ગ્રામીણ વિસ્તારનાં પછાત બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા કરવી.<br>(B) એક જ શાળા પરિસરમાં અલગ ધોરણોમાં સામાન્ય બાળકો અને વિશિષ્ટ બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા કરવી.<br>(C) એક જ શાળા પરિસરમાં સામાન્ય બાળકોની સાથે વિશિષ્ટ સમૂહનાં બાળકોને શિક્ષણ આપવું<br>(D) વિશિષ્ટ યોગ્યતાવાળા બાળકો માટે અલગ શિક્ષણ વ્યવસ્થા |

19 GIET ના ચેરમેન તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારી
(B) શિક્ષણ વિભાગના સચિવ
(C) શિક્ષણ નિયામક
(D) શિક્ષણમંત્રી

20 NCERT નું વડુ મથક ક્યાં આવેલું છે ?

(A) ભોપાલ (B) મુંબઇ (C) ગાંધીનગર (D) નવી દિલ્હી

21 બુદ્ધિ એટલે વસ્તુને જાણવાની ચિત્તની આકલન કે સમજ શક્તિ. – આ વિધાન કોનું છે ?

(A) બિને અને સાયમન
(B) સાર્થ ગુજરાતી જોડણીકોશ
(C) જે. પી. દાસ
(D) વેકસલર

22 કયા પ્રકારની મનોવિકૃત્તિમાં બાળક વાક્યોનું પુનઃ ઉચ્ચારણ અવારનવાર કર્યા કરે છે ?

(A) ADHD (B) ડિસ્લેક્સિયા (C) લખવાની વિકૃતિ (D) ઓટિઝમ

23 પાવલોવના અભિસંધાનના પ્રયોગમાં પ્રબલન તરીકે શું છે ?

(A) બિલાડી (B) ખોરાક (C) ઘંટડી (D) લાળસ્રાવ

24 બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો છે ?

(A) હાવર્ડ ગાર્ડનર (B) ગિલ્ફર્ડ (C) સ્ટેનફર્ડબીન- (D) વેકસલર

25 બાળક આક્રમક વલણ અપનાવે છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?

(A) બાળકને કઠોર શિક્ષા કરીશ.
(B) બાળકની અવગણના કરીશ.
(C) બાળકને થોડાંક સમય માટે એકલું છોડી દઇશ.
(D) બાળકના આક્રમક વલણનું કારણ જાણીશ.

26 શિક્ષકનું વર્તન અને વ્યવહાર આદર્શ હોવાં જોઇએ કારણ કે...

(A) તેનાથી સમાજમાં તે વિશિષ્ટ રીતે ઉભરી આવે છે.
(B) શિક્ષકે રાષ્ટ્ર-ઘડતરમાં ફાળો આપવાનો હોય છે.
(C) વિદ્યાર્થીઓ શિક્ષકને અનુકરણીય માને છે.
(D) તેનાથી બીજા પર પ્રભાવ પાડી શકાય છે.

27 લગ્ન કરવા છે પરંતુ લગ્ન સાથે જોડાયેલી જવાબદારીઓનું વહન કરવું પસંદ નથી. આ સમયે વ્યક્તિ કયા પ્રકારનો સંઘર્ષ અનુભવે છે ?

(A) અભિગમન – અભિગમન સંઘર્ષ
(B) વિગમન-વિગમન સંઘર્ષ
(C) અભિગમન-વિગમન સંઘર્ષ
(D) ઉપરના તમામ

28 કોઇ વિદ્યાર્થી શિક્ષકને જાણ કર્યા વગર લાંબો સમય ગેરહાજર રહે છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?

(A) તેને લક્ષમાં લઇશ નહિ
(B) શાળામાંથી નામ કાઢી નાખીશ
(C) વાલીને ધમકાવીશ
(D) વાલીને બાળકના ગેરહાજર રહ્યાની જાણ કરીશ

www.gujjuguruji.com

29 સીમાવર્તીય બુદ્ધિ ધરાવતા બાળકોનો બુદ્ધિ આંક કેટલો હોય છે ?

(A) 70 થી નીચે (B) 90 થી 109 (C) 70 થી 79 (D) 110 થી 119

30 વિદ્યાર્થીઓમાં મુખ્ય શિક્ષક, શિક્ષક અને શાળા પ્રત્યે નફરત જાગે છેઆ માટે કયા પ્રકારની શિસ્તને જવાબદાર ગણાવી શકાય?

(A) દમનયુક્ત શિસ્ત (B) પ્રભાવાત્મક શિસ્ત (C) સ્વયં શિસ્ત (D) મુક્ત શિસ્ત

31 આપેલ વ્યંજનોમાં કયો વ્યંજન 'અનુનાસિક વ્યંજન' છે ?

(A) સ્ (B) ત્ (C) ણ (D) પ્

32 સંયુક્તાક્ષરના સંદર્ભમાં સાચો વિકલ્પ કયો છે ?

(A) ક્ સ + = ક્ષ (B) જ્ + ઞ્ = જ્ઞ (C) સ્ ર + = શ્ર (D) દ્ ર્ + = દ્ર

33 સાચી જોડણી કઇ છે ?

(A) શ્રૃંગાર (B) અગસ્ત્ય (C) રમણિક (D) સમીતી

34 આપેલ શબ્દોમાં કયો શબ્દ 'સંજ્ઞા' છે ?

(A) ઊણપ (B) ચીકણું (C) ભૂરું (D) તે

35 આપેલ વાક્યોમાં શુદ્ધ વાક્ય કયું છે ?

(A) એનું લક્ષ પોતાના ક્ષેત્રમાં નિષ્ણાત બનવાનું છે.

(B) તમે મારા સારું શું લાવ્યા ?

(C) મારી સરતચૂકથી તમને આમંત્રણ આપવાનું રહી ગયું.

(D) સંગ્રહિત અનાજમાં જીવાત પડી.

36 અશુદ્ધ શબ્દ કયો છે ?

(A) નિંદ્રા (B) નિમણૂક (C) હોશિયાર (D) પૂજા

37 વિરામચિહ્નોનો સાચો ઉપયોગ થયો હોય તેવું વિધાન શોધો.

(A) અન્ન, વસ્ત્ર અને ઘર : આ ત્રણ જીવનની મૂળભૂત આવશ્યકતા છે.

(B) દશરથ રાજાને ચાર પુત્ર હતા – રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન.

(C) રામ બોલ્યા, " પિતાની આજ્ઞા હું માથે ચડાવું છું. "

(D) આ નિયમ સીધી ભરતી (બઢતી)થી નિમાયેલા કર્મચારીઓને – અધિકારીઓને લાગુ પડશે.

38 શબ્દકોશ ક્રમ મુજબ સાચો વિકલ્પ કયો છે ?

(A) કિનારો, કૃત્ય, કૈલાશ, કંગન

(B) ક્ષમા, જમાનો, જ્ઞાની, ટપાલી

(C) અંજના, અજગર, સસલું, શ્લેશ

(D) ક્ષત્રિય, ગણપતિ, ત્રેવડ, જ્ઞાત

39 ભાષાકીય રીતે શુદ્ધ શબ્દ કયો છે ?

(A) ધૃણા (B) અગ્ન્યાસ્ત્ર (C) ઓક્ટોમ્બર (D) અંતર્ધાન

40 'મિજાજ તરડાવો' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) અપ્રસન્નતા કે શોક થવો.

(B) સબળ થવું.

(C) સામું બોલવાની હિંમત આવવી.

(D) અભિમાન થવું.

www.gujjuguruji.com

41 વાક્યમાં રેખાંકિત પદ યોગ્ય રીતે વપરાયું હોય તેવું વિધાન કયું છે ?

(A) આ ચોપડી તો પલળીને તદ્દન ખરાબ થઇ ગઇ છે ?

(B) પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ છે.

(C) સૂર્ય એ ઉર્જાનો અખૂટ સ્રોત છે.

(D) તમે ધૈર્યતા રાખશો તો સૌ સારાં વાનાં થશે.

42 આપેલ શબ્દોમાં 'સ્ત્રીલિંગ' શબ્દ કયો છે ?

(A) ઈબાદત (B) ઈમ્તિહાન (C) ઈશ્ક (D) ઈતબાર

43 અર્થની દ્દષ્ટિએ જુદો પડતો શબ્દ શોધો.

(A) આબેહૂબ (B) હૂબહૂ (C) એકસમાન (D) આલેશાન

44 સમાનાર્થી જોડ સાચી ન હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) ઓજશ – પ્રતિભા

(B) ચોરણો – સુરવાલ

(C) રળિયાત – સુંદર

(D) પરિનિર્વાણ – અવસાન

45 આપેલ શબ્દોમાં કયો શબ્દ ' ક્રિયાપદ ' છે ?

(A) હતો (B) ઝડપથી (C) ઉગમણું (D) વાહ

46 ગુજરાતી ભાષા શિક્ષણનો પ્રથમ હેતુ કયો છે ?

(A) તાર્કિક ચિંતન (B) અભિવ્યક્તિ (C) સર્જનાત્મકતા (D) અર્થગ્રહણ

47 ' અધ્યેતા શબ્દકોશનો ક્રમ અને આશરે 1500 જેટલા શબ્દો જાણે અને સમજે. ' – આ અધ્યયન નિષ્પત્તિ કયા હેતુ આધારિત છે ?

(A) અર્થગ્રહણ

(B) અભિવ્યક્તિ

(C) વ્યાવહારિક ઉપયોજન

(D) સર્જનાત્મકતા

48 'પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ' નાં ક્રમશઃ સોપનો મુજબ સાચો વિકલ્પ કયો છે ?

(A) ચિંતન, અનુભવ, સંકલન, ઉપયોજન

(B) સંકલન, અનુભવ, ચિંતન, ઉપયોજન

(C) અનુભવ, ચિંતન, ઉપયોજન, સંકલન

(D) અનુભવ, સંકલન, ચિંતન, ઉપયોજન

49 કવિતા એ _______ છે.

(A) મનની કળા (B) કાનની કળા (C) શબ્દની કળા (D) હૃદયની કળા

50 વાચનનું મૂલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબત કઇ છે ?

(A) વિરામચિહ્નોનો ખ્યાલ

(B) બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર

(C) નવા શબ્દો જોડવાની કળા

(D) વિચારોની ક્રમિકતા

51 વાચનના મૂલ્યાંકન માટે ઉપયોગી સાધન કયું છે ?

(A) ચેકલીસ્ટ (B) પાઠ્યપુસ્તક (C) ઉચ્ચાર ધ્વનિ (D) વિરામચિહ્ન ચાર્ટ

52 ઓછા સમયમાં વધુ ઝડપથી વાંચી શકાય છે....

(A) મુખ વાચન

(B) મૂક વાચન

(C) સમૂહ વાચન

(D) ઉપરોક્ત તમામ

www.gujjuguruji.com

| | | |
|---|---|---|
| 53 | વ્યાકરણ શિક્ષણને ગમ્મત સાથે સમજાવવાની રીત એટલે... | |
| | (A) નિગમન પદ્ધતિ | (C) ચિઠ્ઠી દ્વારા શિક્ષણ |
| | (B) આગમન પદ્ધતિ | (D) અનુબંધ પદ્ધતિ |
| 54 | વ્યાકરણ શિક્ષણમાં ઉદાહરણની મદદથી સામાન્ય નિયમો તારવવાની ક્રિયા એટલે... | |
| | (A) ભાષા સંસર્ગ પદ્ધતિ | (C) નિગમન પદ્ધતિ |
| | (B) અનુબંધ પદ્ધતિ | (D) આગમન પદ્ધતિ |
| 55 | સર્જનાત્મક લેખન વખતે શિક્ષકે કરવા યોગ્ય સૌથી મહત્વની બાબત કઇ છે ?<br>(A) લેખનકાર્ય અંગે વર્ગમાં વાતાવરણ નિર્માણ કરવું.<br>(B) કાળા પાટિયા પર લખવું.<br>(C) તેજસ્વી વિદ્યાર્થીની મદદથી લેખન કરાવવું.<br>(D) સારા વિષયની પસંદગી કરવી. | |
| 56 | પાઠ્યપુસ્તકનું સ્વરૂપ અને ઉપયોગના માર્ગદર્શન માટે નીચે પૈકી શું મદદરૂપ બનશે ? | |
| | (A) સંદર્ભ ગ્રંથો | (C) શબ્દકોશ |
| | (B) સામયિકો | (D) શિક્ષક નિદર્શિની |
| 57 | વિદ્યાર્થીઓના લેખનકાર્યની ભૂલ સુધારવાનું કાર્ય વધુ અસરકારક ત્યારે બની શકે જ્યારે શિક્ષક....<br>(A) ખોટા શબ્દો પર છેકો મારી સાચા શબ્દો લખે.<br>(B) સુધારેલ શબ્દોને પાટિયામાં લખે.<br>(C) લેખન તપાસણીની સંજ્ઞાઓનો ઉપયોગ કરી ભૂલ નિર્દેશ કરે; જેના આધારે વિદ્યાર્થી સુધારકાર્ય કરે.<br>(D) જ્યાં સુધી વિદ્યાર્થીઓ ભૂલ કરતા રહે ત્યાં સુધી તેમને કઠિન કાર્ય સોંપવું. | |
| 58 | અક્ષર સુધારણા માટે નીચે જણાવેલ લેખન પૈકી કયા લેખનનો મહાવરો વધુ કરાવવો જોઇએ ? | |
| | (A) નિબંધ લેખન | (C) અનુલેખન |
| | (B) શ્રુતલેખન | (D) વિચાર વિસ્તાર |
| 59 | ભાષા શિક્ષણના મુખ્ય હેતુઓ પૈકી ‘ સર્જનાત્મકતા ’ હેતુમાં નીચે જણાવેલ પૈકી કઇ બાબતનો સમાવેશ થતો નથી ?<br>(A) કોયડા ચિત્ર જોડી તેનું વર્ણન લખે.<br>(B) સારી-નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય લે.<br>(C) પત્રલેખન કરે.<br>(D) શબ્દચિત્ર બનાવે અને વાક્ય લખે. | |
| 60 | સ્વતંત્ર લેખનમાં સમાવેશ ન થતો હોય તેવી કઇ બાબત છે ? | |
| | (A) આપેલ શીર્ષક પરથી નિબંધ લખવો. | (C) ચિત્રવાર્તા પૂર્ણ કરવી. |
| | (B) કાવ્ય પંક્તિનો ભાવાર્થ સ્પષ્ટ કરવો. | (D) અનુલેખન કરવું. |

www.gujjuguruji.com

| | |
|---|---|
| 61 | કયો સાહિત્ય પ્રકાર ભણાવતી વખતે મુખવાચન પર વધુ ધ્યાન આપવું જોઇએ ?<br>(A) આત્મકથા (C) એકાંકી<br>(B) જીવનચરિત્ર (D) યાત્રાવર્ણન |
| 62 | Many students tried, but they failed to solve this sum.<br>Here the underlined word : ' they failed ' means......<br>(A) They were unhappy. (C) They were unsuccessful.<br>(B) They were successful. (D) They were happy. |
| 63 | Find out correct spelling :<br>(A) Trable (B) Trouble (C) Troble (D) Truble |
| 64 | Students of Vivekanand Vidyalaya hopped to visit Saputara.<br>Find out synonym of the underlined word.<br>(A) Talked (B) Wanted (C) Walked (D) Went |
| 65 | Find out correct spelling :<br>(A) competition (B) compation (C) competitation (D) compitition |
| 66 | Arrange the following words in correct order to make a correct sentence.<br>A. best B. batsmen C. Sachin and Sehwag D. are<br>(A) ABCD (B) DCBA (C) CDAB (D) BADC |
| 67 | Mr. Pravinbhai Suthar is the host of the contest. Select correct antonym for the underlined word.<br>(A) Guest (B) Ghost (C) Post (D) Anchor |
| 68 | _______ expert is ______ English teacher. Select proper pair of article.<br>(A) An, an (B) The, an (C) The, the (D) An, the |
| 69 | Find out improper chain of degree words :<br>(A) tall – taller - tallest (C) beautiful – more beautiful – best beautiful<br>(B) small – smaller - smallest (D) long – longer - longest |
| 70 | Maheshwari and Durgaben visited a village fair ______ Vaodara and Ahmedabad.<br>Select proper preposition.<br>(A) among (B) between (C) on (D) across |
| 71 | Arrange the following words in a dictionary order.<br>1. Count 2. Coins 3. Court 4. Courtier<br>(A) 1,2,3,4 (B) 2,1,3,4 (C) 1,3,2,4 (D) 4,1,2,3 |
| 72 | Traffic police blew the whistle, ________ ? Find out proper question tag.<br>(A) did he (B) does he (C) doesn't he (D) didn't he |
| 73 | Find out the correct plural word of 'Knife'.<br>(A) Knife (B) Knifes (C) Knives (D) Knifess |
| 74 | The spelling of ' 40 ' is .....<br>(A) fourtee (B) fourty (C) fourti (D) forty |

www.gujjuguruji.com

| | |
|---|---|
| 75 | Which one is the productive skill of the following ?<br>(A) Reading (B) Thinking (C) Listening (D) Writing |
| 76 | Which of the following skill is also called an active receptive skill ?<br>(A) Drilling (B) Listening (C) Speaking (D) Writing |
| 77 | At the starting phase of oral work, we must focus on ________.<br>(A) writing (B) accuracy (C) fluency (D) reading |
| 78 | The main objective of telling a story in the classroom is ______<br>(A) drilling (B) writing (C) listening (D) teaching |
| 79 | At ten o'clock, Munni goes to school. Make a question using the word – 'When'.<br>(A) When Munni goes to school ?<br>(B) When do Munni go to school ?<br>(C) When does Munni goes to school ?<br>(D) When does Munni go to school ? |
| 80 | Which one of the following is an objective of English language teaching ?<br>(A) Narration<br>(B) Expression<br>(C) Composition<br>(D) Translation |
| 81 | Which thing is important for English language teaching at starting phase ?<br>(A) To teach an alphabet.<br>(B) To teach grammar.<br>(C) Too much practice of listening.<br>(D) To teach translation. |
| 82 | They play with a ball in the garden. Make a question using the word – ' where '.<br>(A) Where does they play with a ball ?<br>(B) Where are they play with a ball ?<br>(C) Where do they play with a ball ?<br>(D) Where did they play with a ball ? |
| 83 | Tejasvini's bicycle has a soft seat. Find out the antonym of the word ' soft '<br>(A) Hard (B) Tough (C) Gentle (D) Tender |
| 84 | The king set three difficult tests for princes.<br>______ tests did the king set for princes ? Select proper question word.<br>(A) How much (B) How (C) How many (D) Who |
| 85 | A person who keeps the record of points in a quiz is called...<br>(A) Voice recorder (B) Accountant (C) Scorer (D) Computer |
| 86 | Which word can't be made by using letters of the word- ' Innovations '?<br>(A) Innova (B) Onion (C) Invocations (D) In vain |
| 87 | Find out unmatched pair of synonyms.<br>(A) Restless - uneasy<br>(B) Remote - far<br>(C) Strong - hard<br>(D) Scorching - burning |
| 88 | Vandevi <u>grants</u> babool's wish. Choose proper synonym for the underlined word.<br>(A) refues (B) says no (C) permits (D) denys |
| 89 | The leaves of the babool tree <u>changed into</u> golden leaves.<br>Here the word – ' changed into ' means...<br>(A) cleaned (B) turned into (C) transferred at (D) looked at |
| 90 | A knowledgeable person is also called....<br>(A) clever (B) humble (C) pandit (D) an expert |
| 91 | એક સંખ્યાનો $\frac{4}{5}$ ભાગ 64 થાય તો તે સંખ્યાનું અડધું કેટલું ?<br>(A) 42 (B) 80 (C) 40 (D) 16 |

www.gujjuguruji.com

| | |
|---|---|
| 92 | બે ક્રમિક સંખ્યાનો લ.સા.અ. કેટલો થાય ?<br>(A) નાની સંખ્યા જેટલો (C) બંનેના સરવાળા જેટલો<br>(B) બંનેના ગુણાકાર જેટલો (D) મોટી સંખ્યા જેટલો |
| 93 | કઇ સંખ્યામાંથી 8 બાદ કરી,પછી 8 વડે ગુણતા 8 મળે ?<br>(A) 10 (B) 8 (C) 11 (D) 9 |
| 94 | 1136 x 75 ÷ 15 = ? x 20<br>(A) 196 (B) 284 (C) 2840 (D) 5680 |
| 95 | $24^2 \div \sqrt{?} = 96$<br>(A) 6 (B) 16 (C) 4 (D) 36 |
| 96 | $\frac{25}{?} = \frac{?}{100}$<br>(A) 250 (B) 25 (C) 100 (D) 50 |
| 97 | એક સંખ્યાના 5 % 15 છે. તો તે સંખ્યા કઇ હશે ?<br>(A) 150 (B) 200 (C) 250 (D) 300 |
| 98 | જો ચાર ડઝન નારંગીની કિંમત રૂપિયા હોય 80, તો નારંગીની કિંમત કેટલ 3ના રૂપિયા થાય ?<br>(A) ₹ 6 (B) ₹ 8 (C) ₹ 5 (D) ₹ 4 |
| 99 | A, B અને C ની સરાસરી ઉંમર વર્ષ છે 25, જો તેમની ઉંમર **3 : 5 : 7** હોય, તો A ની ઉંમર કેટલી હશે ?<br>(A) 21 વર્ષ (B) વર્ષ 18 (C) 15 વર્ષ (D) ત્રણમાંથી એકેય નહિં |
| 100 | નીચેનામાંથી કોને હ્યુમન કમ્પ્યુટર તરીકેનું બિરુદ મળ્યું છે ?<br>(A) શકુંતલાદેવી (C) બ્રહ્મગુપ્ત<br>(B) શ્રીનિવાસ રામાનુજ (D) શ્રીધર આચાર્ય |
| 101 | નીચેના પૈકી કઇ સંખ્યા અલગ પડે છે ?<br>(A) 37 (B) 73 (C) 67 (D) 77 |
| 102 | સૂત્રોની મદદથી ગણતરી કરવાની અધ્યયન પદ્ધતિ એટલે ....<br>(A) આગમન પદ્ધતિ (B) ચર્ચા પદ્ધતિ (C) પૃથ્થકરણ પદ્ધતિ (D) નિગમન પદ્ધતિ |
| 103 | બે અંકની મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા કઇ છે ?<br>(A) 99 (B) 95 (C) 93 (D) 97 |
| 104 | 675 ને નાનામાં નાની કઇ સંખ્યા વડે ગુણવાથી તે પૂર્ણઘન બને ?<br>(A) 3 (B) 6 (C) 5 (D) 10 |
| 105 | 1 કિલોગ્રામ લીંબુનો ભાવ ₹ 30 છે .3 લીંબુનું વજન 100 ગ્રામ છે, તો એક લીંબુની કિંમત કેટલી થશે ?<br>(A) ₹ 3 (B) 50 પૈસા (C) ₹ 1 (D) 90 પૈસા |
| 106 | 51 થી 60 વચ્ચે આવતી અવિભાજ્ય સંખ્યાનો સરવાળો ______ થાય ?<br>(A) 53 (B) 112 (C) 120 (D) 169 |

www.gujjuguruji.com

**107** એક ગામમાં 820 કુટુંબ રહે છે દરેક કુટુંબ ગામના વિકાસ માટે ₹ 60 ફાળો આપે છે. જો ₹ 42788 ખર્ચ થયો હોય, તો કેટલી રકમ બાકી રહે ?

(A) 6312 (B) 6422 (C) 6412 (D) 6512

**108** ચાર ક્રમિક સંખ્યાઓની સરાસરી છે 22.5, તો સૌથી મોટી સંખ્યા કઇ છે ?

(A) 21 (B) 23 (C) 22 (D) 24

**109** 12, 26, 54, 110, ?

(A) 220 (B) 222 (C) 221 (D) 223

**110** એક સંખ્યાના છે 198 ટકા વચ્ચેનો તફાવત 28 ટકા અને 40, તો તે સંખ્યા કઇ ?

(A) 1650 (B) 1800 (C) 2000 (D) 1850

**111** ત્રિકોણના એક ખૂણાનું માપ 85° છે, બાકીના બે ખૂણાઓના માપનો તફાવત 35° છે, તો બાકીના બે ખૂણાઓનાં માપ કયા હશે ?

(A) 35, 70 (B) 35, 20 (C) 65, 30 (D) 45, 80

**112** રૈખિક જોડના ખૂણાઓની બાબતમાં શું સાચું નથી ?

(A) બે કિરણો વિરુદ્ધ કિરણો હોય

(B) બે કિરણો વિરુદ્ધ ન હોય

(C) એક સામાન્ય બાજુ હોય

(D) બે ખૂણાઓના માપનો સરવાળો 180° થાય

**113** 1 થી 100 ની વચ્ચે કેટલી પૂર્ણ વર્ગ સંખ્યાઓ છે ?

(A) 10 (B) 8 (C) 12 (D) 9

**114** 28 સેમી વ્યાસવાળા વર્તુળનો પરિઘ ______ સેમી હોય.

(A) 22 (B) 44 (C) 56 (D) 88

**115** એક લંબચોરસની લંબાઇ તેની પહોળાઇ કરતાં $\frac{3}{2}$ ગણી છે, જો લંબચોરસની પરિમિતિ 40 સેમી હોય, તો તેની પહોળાઇ શોધો.

(A) 10 (B) 20 (C) 25 (D) 40


**116** 36 ના અવયવોની સંખ્યા કેટલી છે ?

(A) 6 (B) 8 (C) 9 (D) 12


**117** 2 કિમી 65 મીટર એટલે કેટલા કિલોમીટર ?


(A) 2.65 (B) 2.065 (C) 2.650 (D) 26.5


**118**




(?)

(A) 

(B) 

(C) 

(D) 

www.gujjuguruji.com

| | |
|---|---|
| 119 | ઘડિયાળનો એક કાંટો 2 ઉપર અને બીજો કાંટો 3 ઉપર રાખીએ, તો આ બે કાંટા વચ્ચે કેટલા અંશનો ખૂણો બને ?<br>(A) 45 °　(B) 15 °　(C) 30 °　(D) 90 ° |
| 120 | કાટકોણ ત્રિકોણના એક ખૂણાનું માપ 40 ° છે, તો બીજા બે ખૂણાના માપ કયા હશે ?<br>(A) 80 °, 60 °　(B) 65 °, 75 °　(C) 70 °, 70 °　(D) 90 °, 50 ° |
| 121 | પોષકશ્રેણીના પિરામીડની રચના કરતાં પિરામીડના સૌથી નીચેના ભાગે કઇ બાબત આવે છે ?<br>(A) ઉત્પાદક　(B) શાકાહારી　(C) માંસાહારી　(D) ઉચ્ચ માંસાહારી |
| 122 | ભારતનું સૌથી મોટું પક્ષીગૃહ (એવીયરી) ક્યાં આવેલું છે ?<br>(A) સુલતાનપુર - હરિયાણા　(C) ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન - ગુજરાત<br>(B) મેલાપટુ - આંધ્રપ્રદેશ　(D) કેવલાદેવ – ભરતપુર – રાજસ્થાન |
| 123 | સ્વચ્છ સર્વેક્ષણ – 2018 અંતર્ગત લીલા રંગની કચરા ટોપલીમાં નીચે પૈકી કઇ વસ્તુ નાખવાની હોય છે ?<br>(A) પ્લાસ્ટીકની બોટલો　(C) છાપા / પત્રિકા<br>(B) સડેલાં ફળ　(D) કાપડના નકામા ટુકડાં |
| 124 | ગુજરાતમાં પર્યાવરણ જાગૃતિ માટે કાર્યરત સંસ્થા પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE) ક્યાં આવેલું છે ?<br>(A) વડોદરા　(C) આહવા<br>(B) જૂનાગઢ　(D) અમદાવાદ |
| 125 | કયો વાયુ ગ્રીનહાઉસ વાયુ તરીકે ઓળખાતો નથી ?<br>(A) મિથેન ($CH_4$)　(C) કાર્બન મોનોક્સાઇડ (CO)<br>(B) નાઇટ્રસ ઓક્સાઇડ ($N_2O$)　(D) ક્લોરોફ્લોરો કાર્બન (CFC) |
| 126 | ‘ મારી આસપાસ ’ નામનું પાઠ્યપુસ્તક કયા ધોરણના પર્યાવરણ વિષય માટેનું પાઠ્યપુસ્તક છે ?<br>(A) ધોરણ-3　(B) ધોરણ-4　(C) ધોરણ-5　(D) ધોરણ-2 |
| 127 | ભારતનું સૌથી જૂનું પ્રાણી સંગ્રહાલય કયું છે ?<br>(A) કમલાનહેરું જુઓલોજીકલ પાર્ક – અમદાવાદ<br>(B) જવાહરલાલ નહેરુ બાયોલોજીકલ પાર્ક – ઝારખંડ<br>(C) વીરમાતા જીજાબાઇ ઉદ્યાન પ્રાણી) સંગ્રહાલય– ( મુંબઇ<br>(D) શક્કરબાગ– જૂનાગઢ |
| 128 | મહાવીર સ્વામી જૈન ધર્મના કેટલામા તીર્થંકર છે ?<br>(A) પ્રથમ　(B) ચોવીસમા　(C) દસમા　(D) બારમા |
| 129 | રાષ્ટ્રીય અભિલેખાગાર કયા શહેરમાં આવેલ છે ?<br>(A) દિલ્હી　(B) મુંબઇ　(C) બેંગ્લોર　(D) કલકત્તા |

www.gujjuguruji.com

| | |
|---|---|
| 130 | ' વિક્રમ સંવત ' નો આરંભ કયા રાજાએ કર્યો ?<br>(A) ચંદ્રગુપ્ત પહેલો (B) સમ્રાટ સમુદ્રગુપ્ત (C) સમ્રાટ ચંદ્રગુપ્ત બીજો (D) કુમાર ગુપ્ત |
| 131 | 'લાવણી' નૃત્ય કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?<br>(A) મધ્યપ્રદેશ (B) રાજસ્થાન (C) ગુજરાત (D) મહારાષ્ટ્ર |
| 132 | વાસ્કો-દ-ગામા જે રસ્તે ભારત આવેલ, તે ' કેપ ઓફ ગુડ હોપ ' કયા ખંડમાં આવેલ છે ?<br>(A) અમેરિકા (B) આફ્રિકા (C) એશિયા (D) યુરોપ |
| 133 | સૂર્ય સામેથી એક રેખાંશવૃત્તને પસાર થતાં કેટલો સમય લાગે છે ?<br>(A) 4 મિનિટ (B) 6 મિનિટ (C) 12 મિનિટ (D) 15 મિનિટ |
| 134 | સૂર્ય કિરણોના પરાવર્તનથી રચાતા રંગબેરંગી પટ્ટાઓ કયા નામે ઓળખાય છે ?<br>(A) મૃગજળ (B) વર્ણપટ (C) સુમેરુજ્યોતિ (અરોરા) (D) ટીંડલ અસર |
| 135 | બાળકોના જીવનની ગુણવત્તા સુધરે, યોગ્ય અને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય એવા બાળકલ્યાણના કાર્યક્રમો નીચે પૈકી કઇ સંસ્થા કરે છે ?<br>(A) FAO (ખોરાક અને કૃષિ સંગઠન) (B) WHO (વિશ્વ આરોગ્ય સંગઠન) (C) UNESCO (યુનેસ્કો) (D) UNICEF (યુનિસેફ) |
| 136 | નીચેના પૈકી કયા સભ્યોને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર પ્રાપ્ત થયેલ નથી ?<br>(A) લોકસભાના ચૂંટાયેલા સભ્યો (B) રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો (C) દિલ્હી અને પાંડેચરી વિધાનસભાના ચૂટાયેલા સભ્યો (D) વિધાન પરિષદના સભ્યો |
| 137 | આપણા બંધારણમાં 6 થી 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક આપતો અનુચ્છેદ 21-ક કયા બંધારણીય સુધારાથી દાખલ કરવામાં આવેલ છે ?<br>(A) 86 – મો બંધારણીય સુધારો- 2002 (B) 84 – મો બંધારણીય સુધારો – 2001 (C) 89 – મો બંધારણીય સુધારો -2003 (D) 73 – મો બંધારણીય સુધારો -1992 |
| 138 | તાજેતરમાં ચર્ચામાં આવેલ ' બિટકોઇન ' એ શું છે ?<br>(A) કપાસની સુધારેલી જાત છે (B) ક્રિપ્ટો અથવા વર્ચ્યુઅલ કરન્સી છે (C) માદક પદાર્થ છે (D) આંતરરાષ્ટ્રીય માન્ય ચલણી નાણું છે |
| 139 | ' ભૂપેન હઝારિકા સેતુ ' કયા બે રાજ્યોને જોડતો પુલ છે ?<br>(A) આસામ – પશ્ચિમ બંગાળ (B) આસામ – અરુણાચલ પ્રદેશ (C) આસામ – મેઘાલય (D) આસામ – નાગાલેન્ડ |
| 140 | ફેબ્રુઆરીથી ઓગષ્ટ માસના સમયગાળા દરમિયાન રાત્રિ આકાશ દર્શન વડે વિદ્યાર્થીઓને કયા તારાજૂથનો પરિચય કરાવી શકાય ?<br>(A) શર્મિષ્ઠા તારાજૂથ (B) મૃગ તારાજૂથ (C) સપ્તર્ષિ તારાજૂથ (D) એકપણ નહિ |

www.gujjuguruji.com

| | | |
|---|---|---|
| 141 | ધોરણ-5 ના વર્ગ શિક્ષક તરીકે તમારા વર્ગના બાળકોને કઇ બાહ્ય પરીક્ષા અપાવી શકતા નથી ?<br>(A) જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા (C) પ્રાથમિક કક્ષા ચિત્રકામ પરીક્ષા<br>(B) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (D) નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા | |
| 142 | તાજેતરમાં આવેલ 'ઓખી' નામના વાવાઝોડાએ અનેક સ્થળોએ નુકસાન પહોંચાડ્યું. આ વાવાઝોડાનું નામ 'ઓખી' કયા દેશે આપેલ છે ?<br>(A) ભારત (B) માલદીવ્સ (C) બાંગ્લાદેશ (D) પાકિસ્તાન | |
| 143 | નીચે આપેલ રાજ્યપાલ અને રાજ્યની જોડી પૈકી કઇ જોડી યોગ્ય નથી ?<br>(A) તામિલનાડુ – બનવારીલાલ પુરોહિત (C) મેઘાલય – ગંગા પ્રસાદ<br>(B) આસામ – જગદીશ મુખી (D) બિહાર – રામનાયક | |
| 144 | ' ગોરખાલેન્ડ ' એ કયા રાજ્ય સંબંધી આંદોલન છે ?<br>(A) મેઘાલય (B) પશ્ચિમ બંગાળ (C) નાગાલેન્ડ (D) આસામ | |
| 145 | કેટલાન વાસીઓ દ્વારા ' કેટલાન ' વિસ્તારને મુક્ત કરવા કયા દેશમાં લડત ચલાવાઇ હતી ?<br>(A) ફ્રાંસ (B) સ્પેન (C) U.K. (ઇંગ્લેન્ડ) (D) જર્મની | |
| 146 | વડાપ્રધાનશ્રી દ્વારા ગુજરાતમાં કયા બે સ્થળો વચ્ચે સી-પ્લેન દ્વારા મુસાફરી કરવામાં આવેલી ?<br>(A) સાબરમતી રીવરફ્રન્ટથી ધરોઇ સરોવર (ડેમ)<br>(B) સાબરમતી રીવરફ્રન્ટથી દાંતીવાડા- ડેમ<br>(C) સાબરમતી રીવરફ્રન્ટથી મુક્તેશ્વર – ડેમ<br>(D) સાબરમતી રીવરફ્રન્ટથી સીપુ – ડેમ | |
| 147 | શ્રી વિજય કેશવ ગોખલેની તાજેતરમાં કયા પદ પર નિમણુંક કરવામાં આવી ?<br>(A) નાણાં સચિવ (B) વિદેશ સચિવ (C) શિક્ષણ સચિવ (D) મહેસૂલ સચિવ | |
| 148 | પંડિત દીનદયાળ ઉપાધ્યાયના સંદર્ભે કઇ બાબત ખરી નથી ?<br>(A) તેમનો જન્મ ઉત્તર પ્રદેશમાં થયો હતો.<br>(B) તેમનો જન્મ 25 સપ્ટેમ્બર, 1916 ના રોજ થયો હતો.<br>(C) તેઓ એકાત્મ માનવવાદના પુરસ્કર્તા હતા.<br>(D) તેઓ શ્રમ અને રોજગાર મંત્રી રહી ચૂક્યા હતા. | |
| 149 | શ્રી રામનાથ કોવિંદ એ દેશના કેટલામા રાષ્ટ્રપતિ છે ?<br>(A) 12 મા (B) 13 મા (C) 14 મા (D) 15 મા | |
| 150 | ઇસરો દ્વારા વર્ષ - 2017 માં 104 ઉપગ્રહો સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરી, સૌથી વધારે સેટેલાઇટ પ્રક્ષેપિત કરવાનો રેકર્ડ બનાવ્યો. આ ઉપગ્રહો કયા યાનની મદદથી પ્રક્ષેપિત કરાયા હતા ?<br>(A) PSLV – C-38 (B) PSLV – C-34 (C) PLSV – C-35 (D) PSLV C-37 | |